

વાતાવરણમાં ફરી બદલાવ આવ્યો છે. વેસ્ટર્ન ડિસ્ટર્બન્સના કારણે આકાશમાં વાદળો ઘેરાઈ આવતા ધુમ્મસભર્યું વાતાવરણ જોવા મળી રહ્યું છે. વહેલી સવારે વધુ ધુમ્મસ જોવા મળે છે. ધુમ્મસના કારણે આપણે કોઈ હીલસ્ટેશન પર આવી ગયા હોય તેવું લાગી રહ્યું છે. છેલ્લા બે દિવસથી આ પ્રકારનું વાતાવરણ શહેરમાં જોવા મળી રહ્યું છે.

# ઝુંડાલ ખાતે ‘‘આત્મનિર્ભર નાગર આર્યા’’ અંતર્ગત આનંદમેળા-પ્રદર્શનનું આયોજન

ગાંધીનગર તા.૨૫

ગાંધીનગરના ઝુંડાલમાં રાઘવ ફાર્મ એન્ડ પાર્ટી પ્લોટ ખાતે અખિલ ભારતીય નાગર પરિષદ(મધ્યસ્થ)ની મહિલા પાંખ દ્વારા આર્થિક રીતે સ્વનિર્ભર બહેનો તથા વડોદરાના પી.આઈ. બિરજુ ભટ્ટ દ્વારા આનંદમેળાને જાહેર જનતા માટે ખુલ્લો મુકવામાં આવ્યો હતો.

સમગ્ર ગુજરાત અને અન્ય રાજ્યોમાંથી પોતાના ગૃહ તેમજ નાગર પરિષદ(મધ્યસ્થ) દ્વારા સ્નેહમિલન અને સન્માન સમારંભનું આયોજન તેમજ પરિષદના ૨૧માં સત્રના રાષ્ટ્રીય અધ્યક્ષ વીણાબેન જોશીનું શ્રેષ્ઠ પ્રદાન બદલ સન્માન કરવામાં



માટે "આત્મનિર્ભર નાગર આર્યા" પ્રોજેકટ અંતર્ગત તારીખ ૨૫ અને ૨૬ ડિસેમ્બર, શનિવાર અને રવિવાર એમ બે દિવસ માટે એક વિશેષ આનંદમેળા-પ્રદર્શનનું આયોજન કરવામાં આવ્યું છે. પરિષદના રાષ્ટ્રીય અધ્યક્ષ ભાગવાતાચાર્ય ડૉ.જલ્પેશભાઈ મહેતાના આત્મનિર્ભર નારીઓના આર્થિક ઉત્કર્ષના ઉમદા હેતુ અને પ્રોત્સાહન તથા આશીર્વચન સાથે લઘુ ઉદ્યોગને સમાજના તાંતણે એક ઊંચી ઉડાન ભરવાના ઉમળકા સાથે ૮૫ જેટલી બહેનોએ પોતાના સ્ટોલ રાખેલ છે, જેમાં ડ્રેસ, ડ્રેસ મટીરીયલ, કુર્તી , હોમડેકોર, લગ્નસરાની સજાવટ, હર્બલ, આયુર્વેદિક , કોસ્મેટિક, જ્વેલરી, અને વિવિધ ખાણીપીણી ના સ્ટોલ લાગેલા છે. આ સાથે તા.૨૫મી ડિસેમ્બરને શનિવારના રોજ અખિલ ભારતીય આવ્યું હતું. કાર્યક્રમમાં નાગર સમાજના દરેક મંડળના પ્રમુખ અને વિશિષ્ટ પદાધિકારીઓ હાજર રહ્યા હતા. જેમાં પ્રતિષ્ઠિત નાગરો હાજર રહ્યા હતા. પરિષદ ની મહિલા પાંખના રાષ્ટ્રીય કન્વીનર જલ્પાબેન દેસાઈ તથા મધ્યસ્થ સમિતિના તમામ કાર્યકરોએ ખૂબ જ જહેમત ઉઠાવી સમગ્ર કાર્યક્રમને સુચારુ રૂપે સંપન્ન કરવામાં પોતાનું યોગદાન આપ્યું હતું.

# સ્ટેચ્યુ ઓફ યુનિટી ખાતે પ્રવાસીઓનો રાફડો ફાટ્યો

નર્મદા, તા.૨૫

સ્ટેચ્યુ ઓફ યુનિટી તંત્ર દ્વારા નાતાલના વેકેશન દરમ્યાન ૧ લાખ પ્રવાસીઓ આવે તેવી આશા રાખી રહ્યા છે. આજના દિવસમાં ૩૦ હજાર પ્રવાસીઓ સ્ટેચ્યુ ઓફ યુનિટી ખાતે નોંધાયા છે. ૩૧ડિસેમ્બર સુધી સ્ટેચ્યુ ઓફ યુનિટી હાઉસ ફૂલ છે. આજે નાતાલનો પર્વને લઈને કેવડિયા સ્ટેચ્યુ ઓફ યુનિટી પ્રવાસીઓ થી હાઉસફૂલ થઈ ગયું છે. આજના દિવસે અંદાજીત ૩૦ હજારથી વધુ પ્રવાસીઓ નોંધાયા છે. સ્ટેચ્યુ ઓફ યુનિટીની તમામ ટિકિટો ૩૧ ડિસેમ્બર સુધી બુકિંગ થઈ ગઈ છે.

નાતાલના મીની વેકેશન માટે કે કેવડિયામાં પ્રવાસીઓ આવી રહ્યા છે. ઓમીક્રોન હાલ રાજ્યમાં વધી રહ્યો છે. સરકારની નવી ગાઈડલાઈન પ્રમાણે મોટા શહેરોમાં રાત્રી કર્ફ્યુ લાગતા પ્રવાસીઓ નાતાલની ઉજવણી માટે કેવડિયા બાજુ વળ્યાં છે. કેવડિયા નજીકની હોટેલો ટેન્ટસિટીઓ પણ હાઉસફૂલ થઈ ગઈ છે. કોવીડ-૧૯ ની ગાઈડલાઈને પ્રાધાન્ય આપી પ્રવાસીઓને ફરજીતયાત માસ્ક અને સેનિગઈઝની તંત્રે વ્યવસ્થા કરી છે. જ્યારે ઓનલાઈન ટિકિટો બુક થઈ જતા ઓફલાઈન ટિકિટો ચાલુ કરી અને વધુ ૩૦ થી ૪૦ બસો વધારવામાં આવી છે.

## આદેશ બહાર પડાયા...

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

દક્ષિણ ગુજરાતમાં આર્સેલર મિત્તલે જે જમીન માગી છે તે જંગલની હોવાથી તેની ફાઈલ અટવાયેલી પડી છે. એવી જ રીતે ગૌચરની જમીન માગી હોય તેવા ઉદ્યોગજૂથોની જમીન પણ અટવાયેલી છે. સરકારે પડતર અને ખરાબાની જમીન અંગે આ નિર્ણય લીધો છે. આ જમીન વેચાણ નહીં પણ લીઝ કે ભાડાપટ્ટે આપેલી હશે તો જ તેનો નિર્ણય ૧૨૦ દિવસમાં કરી દેવામાં આવશે. સરકારે આ સાથે બીજો પણ એવો આદેશ કર્યો છે કે જે ઉદ્યોગજૂથોને જમીનની ફાળવણી થાય તે પછી ત્રણ વર્ષમાં ઉત્પાદન શરૂ કરવાનું રહેશે. આ શરતનું પાલન થાય તે માટે જિલ્લા કલેક્ટર અને જિલ્લા ઉદ્યોગ કેન્દ્રના અધિકારીની જવાબદારી ફિક્સ કરવામાં આવી છે.

જમીન આપવાની પ્રક્રિયામાં ૧૫ દિવસમાં જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર કલેક્ટરને ભલામણ કરશે, ૪૫ દિવસમાં કલેક્ટર મહેસૂલ વિભાગમાં દરખાસ્ત કરશે. ૩૦ દિવસમાં મહેસૂલ વિભાગ સરકારમાં મંજૂરી માટે દરખાસ્ત મોકલશે. ૧૫ દિવસમાં મંજૂરી મળ્યા પછી કલેક્ટરે અરજદારને જાણ કરી ભાડુ, વેરા અને ઉપકરની રકમ ભરવા જણાવવું પડશે જ્યારે ૧૫ દિવસમાં અરજદાર તરફથી રકમ ભરપાઇ થયા પછી કલેક્ટર ભાડાપટ્ટે ફાળવણીનો હુકમ કરી જમીન જે તે ઉદ્યોગજૂથને મોકલી આપશે. સરકારમાં ભાડાપટ્ટે ફાળવવામાં આવનારી પડતર જમીનનું વાર્ષિક ભાડુ બજાર કિંમતના છ ટકાના દરે વસૂલ કરવામાં આવશે જેમાં દર પાંચ વર્ષે ૧૦ ટકા ભાડા વધારો કરી શકાશે. સરકારની આ ગાઈડલાઈનનું પાલન રાજ્યના પ્રત્યેક જિલ્લા કલેક્ટરે કરવાનું રહેશે.

## બેઠકના અભાવે...

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આવાસોના મામલે અગાઉ તંત્રએ હાથ ધરેલા સર્વેના અંતે અંદાજિત ૪૫૦૦ જેટલા મકાનો જોખમી હોવાનુ પણ ધ્યાને આવ્યુ હતુ આ આવાસો ખાલી કરાવાની પ્રક્રીયા પણ ચાલી રહી છે. પરંતુ રહેણાંકને લાયક આવાસો ઉપલબ્ધ ન હોવાની સાથે અન્ય કીસ્સામાં મંજુરી લંબાવી આપવા માટે દરખાસ્ત કરવામાં આવી હોવાના મામલે પણ હજુ સુધી કોઈ નિર્ણય ન લેવાતા આવાસો ખાલી કરાવાનુ કામ તંત્ર માટે મુશ્કેલ બન્યુ છે. આ સ્થિતિ વચ્ચે સરકારી ચોપડે આવાસ ઈચ્છુક કર્મચારીઓની પ્રતિક્ષા યાદી પણ હળવી થતી નથી અલબત્ત રહેણાંકને લાયક આવાસો ન હોવાથી કર્મચારીઓને મકાન ફાળવવાનુ કામ પણ મુશ્કેલ બન્યુ છે. માર્ગ મકાન વિભાગના ચોપડે અંદાજિત ૪૫૦૦ કર્મચારીઓ આવાસ માટે પ્રતિક્ષા યાદીમાં મુકાયેલા છે. આવા સંજોગોમાં સેકટરોમાં હજુ પણ બિન અધિકૃત કબજા હેઠળ આવાસો હોવાની ફરિયાદો ઉઠતી રહે છે. આવાસોને બિન અધિકૃત કબજામાંથી મુકત કરાવવા માટે પણ જરૂરી પગલા લેવાયા નથી આ ઉપરાંત આવાસ સમિતિની બેઠક લાંબા સમયથી મળી નથી જેના લીધે નિવૃતિ અને અવસાનના કીસ્સા બાદ આવાસો માટે મુદત વધારી આપવા સહીત અગ્રતાના ધોરણે આવાસ ફાળવવાની અરજીઓનો પણ નિકાલ થયો નથી. અગાઉ મળેલી આ બેઠક દરમિયાન અંદાજિત ૧૦૦ જેટલી અરજીઓનો નિકાલ કરાયો હતો પરંતુ લાંબા સમયથી બેઠક ન મળતા આ કિસ્સાઓ માટે પણ અરજદારો રોજબરોજ વિભાગની કચેરીએ ધક્કે ચઢયા છે. આવાસ સમિતિમાં માર્ગ મકાન વિભાગ,નાણા તેમજ સામાન્ય વહીવટ વિભાગના અધિકારીઓનો સમાવેશ થાય છે. અગાઉ આ સમિતિની બેઠક જુન મહીનામાં યોજવામાં આવી હતી જયારે છેલ્લા છ મહીનાથી આ મામલે બેઠક ન થતા અરજદારોની તકલીફ વધી છે. જરૂરિયાતના કિસ્સામાં અગ્રતા ક્રમે આવાસ મેળવવાની અરજીનો પણ ઝડપથી નિકાલ આવતો નથી.

## પહોળો કરાશે...

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

વિસ્તારને જોડતા તમામ માર્ગોને પણ યોગ્ય રોડ નેટવર્ક ઉપલબ્ધ થાય તે પણ જરૂરી છે. આ સ્થિતિને અનુલક્ષી ગિફટ સીટી દ્વારા પણ સમયસર આ મામલે શહેરી વિકાસ સત્તા મંડળને દરખાસ્ત કરી દેવામાં આવી છે. ગુડાની બોર્ડ બેઠકમાં પણ આ મુદ્દાના સમાવેશ કરાયો હતો. ગિફટ સીટીના ફરતે જ આ વિસ્તારમાં સરકાર દ્વારા ઈન્સ્ટિટુયશનલ ઝોન, રીક્રીએશન ઝોન અને કોર્મશિયલ ઝોન, રેસિડેન્સિયલ ઝોન, તેમજ એગ્રીકલ્ચર ઝોન જાહેર કરવામાં આવ્યો હોવાથી આગામી સમયમાં આ વિસ્તારમાં ચોતરફ હાઈટેક વિકાસ જોવા મળશે. આ સ્થિતિ વચ્ચે ધોળાકુવાથી લવારપુર સુધીના નેશનલ હાઈવે તેમજ ગિફટ સીટીથી આઈ આઈ ટી સુધીના માર્ગ પર ૧૨ મીટર સર્વિસ માર્ગની પણ અનિવાર્યતા ઉભી થઈ છે. જયારે ગિફટ સીટી સર્વિસ માર્ગ હાલ ૬૦ મીટરનો છે તેના વાઈડનીંગ માટે પણ અલબત્ત ૮૦ મીટર કરવા માટે પણ આગામી દિવસામાં કામગીરી હાથ ધરવામાં આવશે.

## પ્રવાસી શિક્ષકો...

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

પ્રશ્નો હજુ ઘણા વણઉકલ્યા છે અને શિક્ષકોની ઘટનો મુદ્દો એ સરકારની ગંભીર ચિંતાનો મુદ્દો બન્યો છે. શિક્ષણ વિભાગ અને નાણાં વિભાગે આ અંગે પરામર્શ કર્યા બાદ આ નવી નીતિ અમલી બનાવવાનો નિર્ણય કર્યો છે. આ સૂત્રોએ જણાવ્યું છે કે, સરકારે દરેક જિલ્લાઓ પાસેથી કેટલા પ્રવાસી શિક્ષકોની જરૂરિયાત રહેશે તે અંગેની દરખાસ્તો પણ મંગાવી લીધી છે અને જાન્યુઆરી માસમાં આવા શિક્ષકોની જગ્યાઓ મંજૂર કરી દેવામાં આવશે તેમજ જિલ્લાઓને તે દિશામાં આગળ વધવાના સ્પષ્ટ સંકેત અપાશે.

# નાગરીકોનો અવાજ સાંભળી, સમસ્યાઓ નિવારવા સરકાર પ્રજાની પડખે છે એવો ભાવ દરેક વ્યક્તિને જાગે તે જ ગુડ ગર્વનન્સ : ભૂપેન્દ્ર પટેલ

## ગાંધીનગર સચિવાલય ખાતે અદ્યતન ટેક્નોલોજીયુક્ત જનસંપર્ક એકમ - સ્વાગત કક્ષ અને રાજ્ય સરકારની વિવિધ ગુડ ગવર્નન્સ પહેલોનો પ્રારંભ કરાવ્યો

ગાંધીનગર, તા. ૨૫

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું છે કે, દરેક વ્યક્તિને સરળતાથી સરકારી સેવાઓના લાભ મળે તે રાજ્ય સરકારનો ધ્યેય છે. નાગરીકોનો અવાજ સાંભળી, સમસ્યાઓ નિવારવા સરકાર પ્રજાની પડખે છે એવો ભાવ દરેક વ્યક્તિને જાગે તે જ સરકારની સફળતા અને ગુડ ગર્વનન્સ-સુશાસન છે.

મુખ્યમંત્રીશ્રીએ સુશાસન સપ્તાહના પ્રથમ દિવસે ગાંધીનગર સચિવાલય ખાતે અદ્યતન ટેકનોલૉજીયુકત માળખાકીય સુવિધા સાથેના જનસંપર્ક એકમ-સ્વાગત કક્ષનો અને રાજ્ય સરકારની વિવિધ ગુડ ગવર્નન્સ પહેલોનો પ્રારંભ કરાવ્યા બાદ કહ્યું કે, સામાન્યમાં સામાન્ય માનવીને શાસનમાં પોતીકાપણું અનુભવ થાય તે માટે રાજ્ય સરકારે આ વિવિધ પ્રકલ્પો આરંભ્યા છે. છેવાડાના માનવી - દરિદ્રનારાયણને પણ વિકાસના લાભ મળે તેવા અટલજીના સંકલ્પને આ પ્રકલ્પો સાકાર કરશે, તેમ તેમણે ઉમેર્યું હતું.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે નાગરિકોની સુવિધામાં વૃધ્ધિ કરતા જનહિત નિર્ણયોની જાહેરાત કરતા કહ્યું કે, નિશ્ચિત સરકારી આવી છે અને વર્ષ ૨૦૧૯થી નોંધાયેલા દસ્તાવેજોની ડિજીટલી સાઈન્ડ નકલ ઓનલાઈન ઉપલબ્ધ થશે. મંજૂરી માટેના પોર્ટલ, પાણી પુરવઠા વિભાગની સુગ્રથિત વ્યાપક કાર્યપદ્ધતિ માટે એન્ટરપ્રાઈઝ એપ્લીકેશન પહેલાં રાષ્ટ્રહિતનો સંદેશો આપે છે. અટલજીનું જીવન સુશાસનના સંદેશાથી ભરેલુ છે. ગુજરાતે ગુડ ગર્વનન્સ-સુશાસનની દિશામાં શ્રી





સેવાઓમાં કાયદાકીય રીતે જરૂરી કે બાધિત ન હોય તેવી બાબતોમાં એફિડેવિટ કરવામાંથી મુક્તિ આપવામાં આવી છે અને સેલ્ફ ડેકલેરેશન માન્ય રાખવામાં આવશે. ?ડિજીટલી પ્રમાણિત પ્રોપર્ટીકાર્ડ હવે ઓનલાઈન મળશે,? બિનખેતી હુકમો બાદ ઓટો જનરેશનથી પ્રોપર્ટીકાર્ડ ઉપલબ્ધ થશે,? બિનખેતી હુકમોની મંજુરી બાદ બાંધકામ અંગેની સમયમર્યાદા દૂર કરવામાં

મુખ્યમંત્રીશ્રીએ આ અવસરે રાજ્ય સરકારની વિવિધ ગુડ ગવર્નન્સ પહેલોનો પ્રારંભ કરાવ્યો હતો જેમાં, સરકારના વિભાગો વચ્ચે સંકલન અને સુદ્રઢિકરણ માટે ઈ-સરકાર પોર્ટલ, જાહેર વિતરણ વ્યવસ્થા વધુ પારદર્શક અને અસરકારક બનાવતી-સ્અ ઈર્ટ્રૈહ સ્ર્રૈહ્વી છ઼ૅ, સ્વરોજગારની ડિજિટલ સેવા આપતા ઈ-કુટીર પોર્ટલ, વન વિભાગ દ્વારા ટિંબર ટ્રાન્ઝીટ પાસ પ્લેટફૉર્મ અને મોબાઈલ એપનો સમાવેશ થાય છે.

મુખ્યમંત્રીશ્રીએ સ્વર્ગીય અટલ બિહારી વાજપેયીજીને યાદ કરતા કહ્યું કે, અટલજી દેશના મહાન કર્મયોગી અને આપણા સૌના પ્રેરણા પુરૂષ છે. તેમની સ્મૃતિમાં દેશ આજે ગુડ ગવર્નન્સ ડે મનાવી રહ્યો છે. અટલજીએ પોતાનું સમગ્ર જીવન રાષ્ટ્રને સમર્પિત કર્યું હતું. અટલજીનું જીવન આપણને સ્વહિત પછી, નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વ અને દિશાદર્શનમાં આજથી બે-અઢી દાયકા પહેલાં જ નક્કર પરિણામદાયી ડગ માંડી દીધા હતા. મુખ્ય સચિવ શ્રી પંકજકુમારે સુશાસન સપ્તાહના શુભારંભ અવસરે મુખ્યમંત્રીના દ્રષ્ટિવંત અને જન કલ્યાણલક્ષી નેતૃત્વમાં રાજ્યનું વહીવટી તંત્ર વિવિધ પ્રકલ્પો સફળ બનાવવા સંપૂર્ણપણે સજ્જ છે તેવો વિશ્વાસ વ્યક્ત કર્યો હતો.

# ગુજરાતમાં અધિકારીઓની બદલીમાં સરકાર ખુદ તેના નિયમોનો ભંગ કરી રહી છે

ગુજરાત સરકારનો નિયમ છે અને મુખ્યમંત્રી વારંવાર કહે છે કે અમે ત્રણ વર્ષ કે તેથી વધુ વર્ષથી એક જ જગ્યાએ ફરજ બજાવતા તમામ અધિકારીઓ અને કર્મચારીઓને બદલીએ છીએ પરંતુ સરકારમાં એવા એક ડઝનથી વધારે ઓફિસરો છે કે જેઓ છેલ્લા ચાર થી આઠ વર્ષથી એક જ જગ્યાએ ફરજ બજાવી રહ્યાં છે. આટલા વર્ષો પછી પણ તેમની બદલી થઈ નથી.

સામાન્ય રીતે સરકાર બદલાય એટલે ઓફિસરોની બદલી થતી હોય છે. ભૂપેન્દ્ર પટેલની સરકાર આવ્યા પછી તેમના કાર્યાલયમાં તેમજ કેબિનેટ મંત્રીઓના કાર્યાલયમાં બધાં ઓફિસરોની બદલી કરી દેવામાં આવી છે. કેટલાક વિભાગોમાં પણ કર્મચારીઓના ટેબલો બદલાયા છે તેમ છતાં હજી પણ એવા અધિકારીઓ મોજૂદ છે કે જેમની બદલીને લાંબો સમય વિતી ગયો છતાં તેઓ એક જ જગ્યાએ ફરજ બજાવી રહ્યાં છે.

કોઇ અધિકારી કે કર્મચારીને એક જ જગ્યાએ નહીં રાખવાનું મુખ્ય કારણ એવું છે કે તેનું આધિપત્ય જળવાય નહીં. ઘણાં એવા અધિકારીઓ છે કે જેઓ તેમની આવડતથી લાંબા સમય સુધી કરપ્શન કરી રહ્યાં છે. ગાંધીનગર જિલ્લા પંચાયતમાં છેલ્લા ૧૨ વર્ષથી એક એવા અધિકારી હતા કે જેમણે કરપ્શનની તમામ મર્યાદાઓ તોડી નાંખી હતી. છેવટે તેઓ એસીબીના દાયરામાં આવી ગયા. તેમની સામે જ્યારે તપાસ શરૂ કરવામાં આવી ત્યારે તેઓ નિવૃત્ત થઈ ગયા હતા.

પાંચ આઈએએસ ઉપરાંત ગેસ કેડરના છ અધિકારી એવાં છે કે જેઓ એક જ જગ્યાએ ચાર વર્ષથી ફરજ બજાવી રહ્યાં છે. હવે ગુજરાત વાયબ્રન્ટ સમિટ થવાની છે ત્યારપછી બજેટ સત્ર આવશે પરંતુ આ ઓફિસરો એક જ જગ્યાએ અડીંગો જમાવીને બેઠાં છે. સરકારનો ત્રણ વર્ષનો નિયમ નેવે મૂકાઈ રહ્યો છે. આ નિયમ નરેન્દ્ર મોદીએ બનાવ્યો હતો અને તેમણે મુખ્યમંત્રી કાર્યાલયને બાદ કરતાં ગુજરાતમાં એક ઓફિસરને ક્યારેય ત્રણ વર્ષ કરતાં વધુ વર્ષ પૂરાં થવા દીધા નથી.

## પ્રધાનમંત્રી યુવા સ્કીમમાં ગુજરાતના ત્રણ યુવા લેખકો વિજેતા

ગાંધીનગર, તા.૨૫

લેખકોની નવી પેઢીને શોધવા, ઓળખવા અને પ્રોત્સાહિત કરવા માટે વડાપ્રધાનના વિઝન હેઠળ પીએમ-યુવા મેન્ટરશીપ સ્કીમનું પરિણામ શનિવારે જાહેર થયું હતું. ગુજરાતના ત્રણ યુવા લેખકો શુભમ પ્રકાશભાઈ અંબાણી, શ્વેતા દશરથ પટેલ, પ્રકાશ ગણપતભાઈ સુથાર જેમાં વિજેતા થયા હતા. આ યોજના અંતર્ગત સંસ્કૃત ભાષામાં યુવા લેખક જ્ઞાનસિંધુ વિજેતા થયા હતા. ભારત સરકારના શિક્ષણ મંત્રાલયે આ યોજનાની અમલકીરણ એજન્સી તરીકે નેશનલ બુક ટ્રસ્ટ, ઈન્ડિયા સાથે દેશની ૨૨ અધિકૃત ભાષાઓ અને અંગ્રેજીમાં ભારતની રાષ્ટ્રીય ચળવળની થીમ પર પુસ્તક લખવાની દરખાસ્તો આમંત્રિત કરતી અખિલ ભારતીય હરિફાઈ યોજી હતી. જેને ભારે પ્રતિસાદ મળ્યો હતો. અલગ અલગ થીમ પર ૧૬૦૦૦થી વધુ પુસ્તકોની દરખાસ્તો પ્રાપ્ત થઈ હતી. જેમાંથી ૫ વિજેતા લેખકોના નામ જાહેર થયા હતા જેમાં ત્રણ ગુજરાતી યુવા લેખકો સામેલ છે.

## એક-એક કેસ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

તંત્રના સૂત્રોમાંથી મળતા નિર્દેશો મુજબ બહારથી આવી રહેલા પ્રવાસીઓ તંત્રને અચૂક જાણ કરે તે પ્રકારની જોગવાઈ સાથેનું જાહેરનામુ પ્રસિદ્ધ કરવા માટેની ગંભીરતાથી વિચારણા હાથ ધરવામાં આવી છે.

શહેરમાં આ સાથે એક્ટીવ કેસની સંખ્યા ૧૪ થઈ છે. શહેરમાં મોટાભાગના દર્દીઓ હોમ આઈસોલેશનમાં સારવાર હેઠળ હોવાથી હોમ આઈસોલેશનના નિયમોની અમલવારી અસરકારક રીતે થાય તે જોવા તંત્રને સૂચના આપવામાં આવી છે.


